સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બૂટલેગર પાસે 'દારૂબંધી' કાયદો કેદ છે,
મળે છે પોલીસનો જે સરકાર એનો ખેદ છે.
છેદ છે જાગૃતિને જાસાનો વહીવટી તંત્રમાં -
કડક કાયદા થાય નિષ્ફળ એમાં જ ભેદ છે.

હાઈકુ

કડક છતાં,
દારૂબંધી કાયદો -
હારે હમાથી...

હેરાફેરી છે
નિર્ભય - નિરંકૂશ,
રેલમછેલ !

ચિંતન

સ્વવિકારં પરિત્યજય વસ્તુમાત્રતયા સ્થિતિઃ ।
મનસઃ સોત્તમાં શાંતિર્બ્રહ્મનિર્વાણલક્ષણા ॥

ઉપરોક્ત શ્લોક 'સર્વવેદાંત - સિદ્ધાંત' સારસંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

પોતાના વિકાસો ત્યજીને મન, માત્ર (આત્મારૂપ) વસ્તુસ્વરુપે જ રહે એ મનની ઉત્તમ શાંતિ છે એને જ 'બ્રહ્મનિર્વાણ' કહે છે.

મનમાં વિકાર હોય ત્યાં સુધી મોહ-માયા-ભૌતિક સુખો વાસના અને વ્યસનો રહે જ છે.

મનનો વિકાર દૂર થતાં જ મન પોતે જ 'આત્મ તત્ત્વ' બની જીવને જાગૃત રાખે છે. 'આમ કર - આમ ન કર' ની જાગૃતિ જ મનની શાંતિ છે.

સુવિચાર

- જો સારા, સાચા, નિષ્ઠાવાન લોકો રાજકારણમાં નહીં જાય તો નઠારાનો જ પ્રભાવ વધશે - **મનુભાઈ પંચોલી**
- મોકો આપનારને દગો અને દગો આપનારને મોકો કયારેય ન આપશો - **એસ. ભટ્ટાચાર્ય**
- લાગણીઓને અભણ જ રહેવા દ્યો, એ જો ભણશે તો સંબંધોનું નામોનિશાન નહીં રહે - **સુરેશ દલાલ**
- જયાં સુધી તમારી પીઠ સીધી હશે ત્યાં સુધી કોઈનું ગજું નથી કે એ તમારી ઉપર સવારી કરી શકે - **માર્ટીન લ્યુથર કિંગ, જુનિયર**
- ધર્મ એટલે 'ઉત્તમ સહજાવસ્થા' આદમી સહજ જીવન જીવે એ જ મોટો ધર્મ છે - **મોરારિ બાપુ**
- આપણા બાળકો આપણો અરીસો છે, બાળકો ઉપરથી નક્કી થાય કે આપણામાં કેટલી ભૂલ છે - **દાદા ભગવાન**
- આજનું ઔષધ : અજમો અને ગોળ સરખે ભાગે લઈ સવાર-સાંજ લેવાથી કમરનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અકબર બાદશાહે ઈચ્છા વ્યક્ત કરી કે મારે તુલસીદાસજીને મળવું છે. તેમણે વારાણસીના સૂબેદારને સંદેશો આપ્યો કે તુલસીદાસને કહો કે મને મળવા દિલ્હી પધારે. સુબેદારે ઘણી વિનવણી કરી પણ તુલસીદાસ વારાણસી છોડવા તૈયાર ન હતા. સુબેદાર તુલસીદાસને લાલચ આપતાં કહ્યું, 'આપ મારી સાથે બાદશાહ સલામતને મળવા ચાલો. બાદશાહ ખુશ થઈને તમને મનસબદારી આપશે. જમીન-જાગીર આપશે. આવી તક ભાગ્યે જ મળે.' તુલસીદાસે બેફિકર થઈને જવાબ આપતાં કહ્યું, 'અમે તો મનના મનસબદાર છીએ. અકબર બાદશાહની મનસબદારીને શું કરીએ, મને બાદશાહની રહેમતની કોઈ જરૂર નથી.' સુબેદાર ગુસ્સે થયો તેણે કઠોર અવાજમાં કહ્યું, 'જો બાદશાહના હુકમનું પાલન તમે નહીં કરો તો તમારે કારાગારમાં જવું પડશે. અથવા તમને હાથીના પગ નીચે કચડાવી મારશે.' ત્યારે તુલસીદાસે જવાબમાં એક દોહો કહ્યો, 'બન હી તો રઘુવીર સે, ઔર બીગડે તો ભરપૂર, જગ સે બિનિ લો, બિગિરિબો, તુલસી, સરકીધૂર' અર્થાત્, જો દોસ્તી જામે તો એક માત્ર મારા ભગવાન રામ સાથે જામવી જોઈએ અને ઝઘડો થઈ જાય તો રઘુનાથ સાથે તો જીવનમાં કંઈ બાકી નહીં રહે. આ દુનિયા સાથે તો બને તોય શું અને બગડે તોય શું ? જગત તરફથી મળતા માન અને અપમાન બંને ધૂળ સમાન ક્ષુલ્લક છે.' આમ બે લીટીમાં સુબેદારને એક માત્ર પ્રભુ શરણની સમજ આપી મક્કમતાથી ના પાડી, પોતાના લેખન કાર્યમાં મગન થઈ ગયા.

મહિલા નાણામંત્રીનું મહત્ત્વાકાંક્ષી બજેટ

તંત્રીસ્થાનેથી...

ચહેરેમહોરે સ્મૃતિ ઈરાનીની સરખામણીમાં અત્યંત સાધારણ લાગતાં સાઉથ ઈંડિયન મહિલા નાણામંત્રી નિર્મલા સીતારામન મોદી સરકારની પ્રથમ ટર્મ વખતે સંરક્ષણમંત્રીની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી ચૂક્યાં છે. એમણે 'મોદી ૨.૦' નાં નાણાંમંત્રી તરીકે રજૂ કરેલું બજેટ મોદીના આર્થિક મહાસત્તા બનવાના સપનાનું મંગળાચરણ છે. વડાપ્રધાન દેશને પાંચ ટ્રિલિયન ડૉલરવાળી આર્થિક મહાસત્તા બનાવવા ઈચ્છે છે. નિર્મલાના બજેટને એનડીએના પૂર્વ કર્ણધારોએ કયારેક અટલ બિહારી વાજપેયીની સરકાર માટે વાપરેલા વિશેષણ 'ફીલ ગુડ' થી નવાજવું જોઈએ. જો કે ઉપર ઉપરથી ફીલ ગુડ લાગતું બજેટ અંદરખાને કોઈનાય ખીસ્સામાંથી ટૅક્સ સેરવવામાં શરમ રાખતું નથી. એથી સેન્સેક્સ પર એની નેગેટીવ અસર નોંધાઈ છે. મોદી સરકાર ૨.૦ પાસે હજી રાજ કરવામાં પૂરાં પાંચ વરસ બાકી છે જે દરમિયાન ઉદારતાપૂર્વક વરસી જવાનો અભિગમ નથી રાખ્યો. સૌને જરૂરી અને રોજિંદા બજેટમાં સમાવાતી પેટ્રોલ - ડીઝલ જેવી કોમોડીટી પર લિટર દીઠ એક રૂપિયાની ઍકસાઈઝ ડ્યૂટી વધારી દીધી છે તો વળી સોનાની આયાત પર હાલની કસ્ટમ ડ્યૂટી વધારી દીધી છે તો વળી સોનાની આયાત પર હાલની કસ્ટમ ડ્યૂટી વધારી દીધી છે તો વળી સોનાની આયાત પર હાલની કસ્ટમ ડ્યૂટીમાં અઢી ટકાનો વધારો કર્યો છે. માલેતુજારો પાસેથી ચૂંટણી ફંડ ઉઘરાવી લીધા પછી પણ એમના આવકવેરા પર ૩ થી ૭ ટકા જેટલો સરચાર્જ ઠોક્યો છે. એ સિવાય તો મોદી મહાશયના ફળદ્રુપ મગજમાં ઘૂમરાતા મહાકાય પ્રોજેક્ટ પાર જ શી રીતે પડે ? મોદીએ પોતાની જાતને ગ્રામીણ ભારત સાથે સાંકળવાનો સાર્થક પ્રયાસ કર્યો છે. ખેડૂતો અને યુવાવર્ગ તથા મહિલાઓને નજર સમક્ષ રાખી અંદાજપત્ર તૈયાર કરાયું છે. વેપારીઓની દેશી ભાષા વાપરી બજેટને અંગ્રેજોએ વારસામાં આપેલી પરંપરામાંથી મુક્ત કરી 'ખાતાવહી' જેવું નવું નામ આપ્યું છે, તો વળી ડિજિટલ યુગને અનુરુપ વજનદાર બૅગને બદલે હલકા ફુલકા ફોલ્ટરમાં બજેટની દરખાસ્તો લઈ ઉપસ્થિત થનારા માનુની મહિલા નાણાંમંત્રીએ પ્રણાલિકાભંજક તરીકેની છાપ પણ ઊપસાવી છે.

જે ઊડીને આંખે વળગે એવી બાબતો છે એમાં હોમલોનના વ્યાજ પર સાડા ત્રણ લાખ રૂપિયા સુધીની કરરાહત, વૃદ્ધો - પેન્શન ધારકોને નેશનલ પેન્શન સ્કીમમાંથી ૬૦ ટકા સુધીના ઉપાડ પર કોઈ ટેક્સ નહીં, નાના વેપારીઓ અને દુકાનદારો માટે પેન્શન યોજનાની શરુઆત, મીડિયા, એવિએશન, ઈન્શ્યોરન્સ અને સિંગલ બ્રાન્ડ રિટેલમાં એફડીઆઈ વધારવાનો પ્રસ્તાવ, વિદેશી વીમા કંપનીઓના શાખા માટે ૧૦૦ ટકા એફડીઆઈની મંજૂરી, યુવાઓ માટે વિશ્વકક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા રૂપિયા ૪૦૦ કરોડની ફાળવણી, ગ્રામીણ ભારત માટે દસ હજાર નવાં કૃષિ ઉત્પાદન સંગઠનોની રચના, ઝીરો બજેટ ફાર્મિંગ, ૨૦૨૨ સુધીમાં તમામ ઘરના ઘરની સુવિધા, તમામ ગ્રામીણ ઘરોમાં વીજળી અને રાંધણગેસ, મહિલાઓને મુદ્રા યોજના અંતર્ગત એક લાખ સુધીની લોન, જનધન યોજનામાં ૫૦૦૦ના ઓવર ડ્રાફ્ટની સુવિધા ઉપરાંત જળ સંરક્ષણ - પ્રધાનમંત્રીના સ્વચ્છતા કાર્યક્રમ અન્વયે ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્તિ અને ઘેર ઘેર નળથી જળ, સ્ટાર્ટ અપ, કોર્પોરેટ જગત, બેન્કો અને નોન બેન્કિંગ ફાઈનન્સ સેકટર વગેરે દરેકને રાજી કરવાની કોશિશ કરાઈ છે. ચિદંબરમ્ જેવા પૂર્વ નાણામંત્રીને બજેટ નિરાશાજનક જ લાગે કારણ કે એમને તો હવે કદાચ પાંચ વર્ષ સુધી પુત્ર કીર્તિના કરપ્શન મામલે અદાલતોના જ આંટાફેરા ખાવાના છે. બજેટ મોદીની કલ્પનાના નવા ભારતના નિર્માણની ભૂમિકા રચી આપનારું છે. નિર્મલા સીતારામન એમનાં લક્ષ્યાંકો પાર પાડવામાં સફળ થાય એવી શુભેચ્છાઓ પાઠવીએ. રેલવેના આધુનિકીકરણ અને ખાનગીકરણની પણ દરખાસ્તો છે. સંરક્ષણ પાછળનો ખર્ચ મર્યાદિત રખાયો છે તો વળી આવકવેરાની મહત્તમ મર્યાદા પાંચ લાખની અંતરિમ બજેટની જાહેરાત પણ યથાવત રખાઈ છ

ત્યાં ના પાડવા વાળું કોઈ નહોતુ...

રંગ-ઉમંગ

કાનન ઓઝા

આજકાલના યુગમાં નાના, મોટા, વડીલ, ઘરડા બધા જ લોકો કંઈક નવી શરુઆત કરવાની હોય અને તરત જ એવું બોલવામાં આવે. 'અરે રહેવા દે તું એકલો છે, પહોંચી નઈ વળે અને તારાથી ન થાય આવા કામ.' એટલે પછી નવા કામની શરુઆત પહેલા જ 'ના' નામનો મોટો શબ્દ આવી જાય.

એક સત્ય ઘટના આધારિત એક વાત છે. બે ભાઈ હતા. જેમાં એ બે ભાઈનું નામ જીતેન્દ્ર અને વિરેન્દ્ર હતું. હવે એમાં જીતેન્દ્ર ૮ વર્ષના હતો અને વિરેન્દ્ર ૬ વર્ષનો હતો. હવે વાત જાણે એવી થઈ જયારે વિરેન્દ્ર કંઈ કામ કરતો ત્યાં બધા જ લોકો વાત-વાતમાં એવું કહેતા કે રહેવા દે ! તું અત્યારે નાનો છે તારાથી ના થાય. હવે એમ થયું કે બે ભાઈ રમતા - રમતા ગામના બહાર જતા રહ્યા. હવે રમતા રમતા મોટોભાઈ કે જેનું નામ જીતેન્દ્ર હતું તેનો પગ કૂવામાં લપસી ગયો. હવે તેને બૂમો પાડવાનું ચાલુ કર્યું કે 'મને બચાવો', 'મને બહાર કાઢો' હવે નાનો ભાઈ વિચારવા લાગ્યો કે હું તો નાનો છું. કેવી રીતે બચાવું ? તેને આજુબાજુ નજર કરી પણ કોઈ માણસ જોવા મળ્યું નહીં. હવે તેણે વિચાર આવ્યો કે 'ચલ હુ પ્રયત્ન કરું', અને ડૉલ કૂવામાં નાખી અને મોટાભાઈને કહ્યું કે દોરડાવાળી ડોલને પકડી લે હું ધીમે ધીમે ખેચું છું. હવે તેને ડોલ પકડી અને પછી નાના ભાઈએ બધા બચાવવાના પ્રયત્ન લગાવ્યા અને આખરે ભાઈને બચાવી લીધો. હવે બે ભાઈ ગામમાં પહોંચ્યા એટલે બધા જ પૂછવા લાગ્યા કે, તમે કયાં ગયા હતા. અહીંયા અમે બધા ચિંતામાં હતા. ત્યારે મોટા ભાઈએ એ બધી વાત કરી. તેમની સાથે જે બનાવ બન્યો તેની જાણ કરી આ વાત કરી તોય કોઈને પણ વાતનો વિશ્વાસ આવ્યો નહીં ત્યારે તેમાંથી ગામનાં એક વડિલ કે જેનું નામ વીપીનભાઈ હતું તેમને વાત પર વિશ્વાસ આવ્યો અને તેમને નાના ભાઈને બોલાવ્યો અને શાબાસી આપી. અને પૂછ્યું કે બહુ જ સરસ કામ કર્યું બેટા તો પણ એક વાત પૂછું ? 'તે આટલું મોટું કામ કર્યું કેવી રીતે ? ત્યારે તેને જવાબ આપ્યો કે ત્યાં મને 'ના પાડવા વાળુ કોઈ વ્યક્તિ ન હતું.'

તમે આ સત્ય ઘટના પરથી વિચારી શકો છો કે તમે તમારા બાળકની સામે કોઈ દિવસ તું ના કરી શકે, તારાથી ન થાય, તું નાનો છે. આવું ના બોલશો. તેને કાર્ય કરવા માટેની પ્રેરણા આપો, મનોબળ આપો તેથી જ તે જરૂરથી કોઈ પણ કામ કરી જ શકશે. આપણા આજુબાજુના જીવનમાં પણ આવા ઘણાં જ બનાવ બનતા હોય છે. પણ આપણે આપણા સ્વભાવમાં પણ સરળતાથી જરૂર છે. ઘણી વખત આપણે બીજાના સ્વભાવની ખરાબી પહેલા શોધતાં જોવા મળીએ છીએ. એક ભાઈ કે જે બહુરાષ્ટ્રીય કંપનીમાં સિનિયર મેનેજર હતા. તેમના રેકોર્ડ બહુ જ સારો હતો. તે તેની ટીમમાં સારી રીતે કામ કરતો એની ટીમને પણ પ્રોત્સાહન આપીને સારી બનાવી. કામથી જ નહીં પણ અંગત સંબંધ પણ ખૂબ જ સારા હતા. હવે બધા જ સભ્ય મળીને નક્કી કર્યું કે એક કાર્યક્રમ કરીએ અને તેમનું સન્માન કરીએ. ત્યારે કાર્યક્રમનું આયોજન કર્યું. તેમને મંચ પર બોલવા માટે ઊભા કરવામાં આવ્યા. ત્યારે તેમને એવું પૂછવામાં આવ્યું કે તમારો સ્વભાવ આટલો સરળ કેવી રીતે છે ? ત્યારે તેમને જવાબ આપ્યો કે હું નાનો હતો ત્યારે મારા પિતાજી કામ-ધંધેથી આવે અને પછી જમવા બેસે ત્યારે એક વાર મારી મમ્મીથી બધી જ રોટલી જમવામાં દાઝેલી આવી ત્યારે ત્યારે મમ્મી દુઃખી થઈને બોલી આજે ઉતાવળમાં આવી રોટલી બની છે, ત્યારે મારા પિતાજી કહે અરે મને દાઝેલી રોટલીમાંથી પણ સ્વાદ આવે છે. પછી મેં મમ્મી ગઈ.. એટલે પૂછ્યું. કે 'પિતાજી... કેમ તમે આવું બોલ્યા ? ત્યારે મારા પિતાજીએ કહ્યું તારી માં બહુ થાકી ગઈ છે. આ બળેલી રોટલી ખાવાની વાત તો એમ છે કે જો એક દિવસ બળેલી રોટલી ખાવાથી હું માંદો નહીં પડીશ. પણ તારી માને થોડી સારી ઊંઘતો આવશે.

એ જ દિવસથી મેં શીખ્યું કે અમારામાંથી દરેક માણસની અંદર કમી હોય છે. અમારામાંથી દરેક સભ્યની કયારેક ને કયારેક ભૂલ થાય છે. પણ અમે તેની ભૂલને ઊભારવાની જગ્યાએ તેને સુધારવાના કામ કરવું, એકબીજાની તાકાત બનવું, તો એક સરસ કાલનું નિર્માણ કરી શકશે.

આજની યુવા પેઢી અને ફોન, ફેશન અને ફ્રેન્ડ્સ

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

વિશ્વમાં આજે ભારત સૌથી યુવાન દેશ છે. ભારતની કુલ વસ્તી ૧,૩૨,૪૧,૭૧,૩૫૪ (૨૦૧૬) માં ૫૦ ટકાથી વધારે ૨૫ થી ૬૫ વર્ષની વચ્ચે છે. અને એવરેજ ઉંમર ૩૫ વર્ષની છે. આ એવરેજ ઉંમર ૨૦૨૦માં ૨૯ વર્ષની થઈ જશે. એવો એક સર્વે કહે છે. જ્યારે ચાઈનાની ૩૭ અને જાપાનની ૪૮ ની એવરેજ ઉંમર છે. વળી ભારતની સંસ્કૃતિ, સંસ્કાર, સામાજિક વ્યવસ્થા, પરંપરા સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ છે. અહીં છે એવી સામાજિક અને પારિવારિક વ્યવસ્થા અન્ય કોઈ દેશમાં જોવા નથી મળતી. પહેલાના યુગમાં ભારતને ''સોને કી ચિડીયા'' તરીકે ઓળખવામાં આવતો હતો. પરંતુ આજે આ સોનાની ચિડીયા ક્યા, કંઈ દિશામાં ઊડી ગઈ છે એ કોઈ નથી જાણતું. આજે ભારત આર્થિક સમૃદ્ધિની બાબતમાં અમેરિકા, ચીન, જાપાન, ઈંગ્લેન્ડ જેવા દેશોથી જોજનો દૂર છે. શા માટે ? જે દેશ પાસે વિશ્વનું સૌથી મોટું વિશાળ યુવાધન હોય એ દેશ તો ખરેખર વિશ્વ પર રાજ કરતો હોવો જોઈએ. પરંતુ આજે આપણી સ્થિતિ કંઈક જુદી છે.

આપણા દેશનો ઈતિહાસ તપાસતા માલુમ પડશે કે આપણા અનેક યુવાન ઋષિમુનિઓએ, શિક્ષકોએ, પંડિતોએ, ભક્તોએ, વિદ્વાનોએ, રાજાઓએ આ દેશની સંસ્કૃતિ ઘડી છે. તો વળી અંગ્રેજો સાથેની સ્વતંત્રતાની લડાઈમાં અનેક યુવાનોએ પોતાના બલિદાનો આપ્યા છે. આ છે આપણા દેશની યુવા ગૌરવ ગાથા, પરંતુ આજે આ નવા હાઈટેક યુગમાં યુવાનોની શક્તિ ક્યાં ગઈ ? આજે આપણો યુવાન કંઈ દિશામાં જઈ રહ્યો છે ? એ સામુહિક રીતે વિચારવાનો સમય આવી ગયો છે. આજે એક વૈશ્વિક ષડયંત્ર ભારત સાથે ખેલાઈ રહ્યું હોય એવું લાગ છે. ભારતની યુવા પ્રતિભાને અવળે રસ્તે લઈ જઈને, ગુમરાહ કરીને ભારતને અંદરથી જ ખોખલો કરી દેવાની કોઈ વૈશ્વિક નીતિ કામ કરી રહી હોય એવું વિચારી શકાય એમ છે. કેમ કે આજે આપણું પ્લેટિનમ જેવું યુવા ધન વેડફાઈ રહ્યું છે. એને બરબાદીના પંથે ધકેલવામાં આવી રહ્યું છે.

આપણા દેશના યુવાધનને બરબાદ કરવામાં આજે ત્રણ પરિબળો સૌથી મહત્વના છે. ફોન, ફેશન અને ફ્રેન્ડ્સ. થોડું ઊંડાણપૂર્વક વિચારીશું તો આ ત્રણ ચીજોમાં આજનો પ્રત્યેક યુવાન વ્યસ્ત છે. અટવાયો છે. અથવા કહી શકાય કે ફસાયો છે. આજે દરેક યુવાનના હાથમાં એક મોબાઈલ ફોન હોવાનો જ. આજે એક પણ યુવાન મોબાઈલ વિનાનો જોવો એ અસંભવ ઘટના છે. વળી આ દરેકના મોબાઈલમાં ઈન્ટરનેટ તો ખરું જ. સૌથી પહેલી બરબાદીની જાળ આ મોબાઈલ ફોન અને ઈન્ટરનેટ છે. જે યુવાનોએ યુવાનીમાં પન્નાલાલ પટેલની ''મળેલા જીવ '' કે દર્શકની '' ઝેર તો પીધા છે જાણી જાણી '' જેવી નવલકથાઓ વાંચીને કે મેઘાણીની ''સૌરાષ્ટ્રની રસધાર'' અનેક લોકકથાઓ વાંચીને કે બીજું અનેક ઉત્તમ સાહિત્ય વાંચીને કે '' લૈલા મજનું કે હીર રાંઝા કે રાધા કૃષ્ણ'' જેવી અલૌકિક પ્રેમકથાઓ વાંચીને – સમજીને સંસ્કારી થવાનું હોય, પ્રેમ ત્યાગ, સમર્પણની, ભાઈચારાની, રાષ્ટ્રપ્રેમની, કૌટુમ્બિક લાગણી કેળવવાની હોય, ભાવના કેળવવાની હોય એના બદલે તેના હાથમાં રહેલા મોબાઈલ ફોનમાં ગમે ત્યારે, ગમે ત્યા, ગમે તેવો વિડીઓ જોઈને ના શીખવાનું નાની ઉંમરમાં જ શીખી લે છે. અને પછી સાચું શીખવાના સંસ્કારો અને સદગુણો થી વિપરિત દૂર્ગુણોની માયાજાળમાં ફસાઈ જાય છે. એની આખી માનસિકતા બદલાઈ જાય છે. આજે આ મોબાઈલ, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા. મોબાઈલ કેમેરા, વિડીયો આ બધુ આપણી સુવિધા તો વધારે છે પણ સાથોસાથ જીવનમાં સન્નાટો પણ લાવે છે. પારાવાર સંઘર્ષ અને નિષ્ફળતાઓ પણ લાવે છે. મોબાઈલ ફોનની સુવિધા સારી છે પણ એનું વ્યસન ના થવું જોઈએ. જો આ રમકડું કામ પુરતું ના વાપર્યું તો એ આપણું જીવન રમકડા જેવું બનાવી દે છે. એ પણ સત્ય છે.

ફેશન એ આજની યુવા પેઢીની સૌથી મોટી નિષ્ફળતાનું કારણ છે. ખાસ કરીને આજની યુવતીઓમાં. જે ઉંમરે ઘરમાં માને ઘર કામમાં મદદ કરવાની હોય છે કે અભ્યાસમાં ધ્યાન આપીને કે કોઈ કલામાં નિપુણતા મેળવીને સક્ષમ બનવાનું હોય છે એના બદલે આજની મોટાભાગની યુવતીઓ આજની હિંદી, અંગ્રેજી ફિલ્મો ને ટી.વી પર આવતી અભિનેત્રીઓએ પહેરેલા ટૂંકા વસ્ત્રોને ફેશન માનીને અપનાવી લે છે, એની આંધળી નકલ કરે છે ત્યારે સમાજમાં બદમાશ બગડેલા યુવાનોને પોતાની તરફ ખોટી રીતે આકર્ષિત કરીને નવી નવી સમસ્યાઓને ઊભી કરે છે. આવી યુવતીઓએ એ સમજવું જોઈએ કે ફિલ્મની અભિનેત્રીઓને ટૂંકા કે પારદર્શક વસ્ત્રો પહેરવાના કરોડો રૂપિયા મળતા હોય છે. એ એમનો વ્યવસાય છે. વળી એમની સાથે એમના વ્યક્તિગત બોડીગાર્ડ્સ પણ હોય છે. જેથી તેઓ સલામત રહી શકે છે. પણ આપણા દેશના નાના શહેરોમાં કે નાના ગામડાઓમાં રહેતી યુવતીઓ પણ આ ફિલ્મોની ફેશન જોઈને એની નકલ કરે છે ત્યારે પરિવાર અને સમાજમાં અનેક પ્રશ્નો ઊભા થતા હોય છે. આજે સમાજમાં ઠેર ઠેર બનતી બળાત્કારની ઘટનાઓના મૂળમાં આ માનસિકતા જ કારણભૂત હોય છે. આજે યુવાનો પણ લાયબ્રેરીઓમાં જવાને બદલે બ્યુટિપાર્લરમાં જવા લાગ્યા છે. માથે વાળની અવનવી ફેશનેબલ ડિઝાઈન, જુદા જુદા પ્રકારની દાઢી કટીંગ, અવનવા કપડાં, બાઈક,.. આ બધામાં આજનો યુવાન વિશેષ રીતે વ્યસ્ત થઈ ગયો છે. પોતાનો મોટાભાગનો સમય આવી ક્ષુલ્લક બાબતોમાં બરબાદ કરીને થોડા જ વર્ષોમાં પોતે પણ બરબાદ થઈ જાય છે. અને સમજાય છે ત્યારે સમય જતો રહ્યો હોય છે.

જીવનમાં સારા મિત્રો હોવા એ ભાગ્યની વાત છે, ગૌરવની વાત છે. પરંતુ આજની યુવાપેઢીની મિત્રતા પણ જુદા જ પ્રકારની હોય છે. આજે મેં જોયું છે કે યુવાનોને જો કોઈ ગેરમાર્ગે દોરતું હોય, નિષ્ફળ બનાવતું હોય તો એમાં એમના મિત્રોનો જ ફાળો સવિશેષ હોય છે. આજે આ પેઢીમાં મિત્રોની મહત્તા વધતી જાય છે. અવાર નવાર આવા મિત્રોને કારણે આજનો ગુમરાહ થતો આવ્યો છે, કેમ કે જે મિત્ર ખૂબ ધનિક છે એ બધાને અવાર નવાર પાર્ટીઓ આપીને, પોતાની કારમાં ફેરવીને એમની પાછળ પૈસા વાપરશે જેથી અભ્યાસમાં ધ્યાન લાગવાને બદલે આવી બધી પ્રવૃતિમાં વધુ ધ્યાન રહે છે. અથવા કોલેજો કે થિયેટરો કે બગીચાઓની આસપાસ મોંઘાદાટ બાઈક લઈને છોકરીઓની પાછળ સમય બગાડીને એમને ઈમ્પ્રેસ કરવા, અવનવા સ્ટંટ કરવા એ આજના યુવાનોની એક તાસીર રહી છે. ટૂંકમાં જે યુવાને આ ઉંમરે પગભર થવા માટે અભ્યાસ, પરિશ્રમ અને સમજદારી કેળવવાની હોય છે એ યુવાનો આજે બીજી બધી બાબતોમાં વ્યસ્ત રહીને પોતાના જ ભાવિને બરબાદ કરી રહ્યા છે.

આજના મોટાભાગના યુવાનો પોતાનો સમય મોબાઈલ ફોન, ફેશન અને ફ્રેન્ડસની પાછળ પસાર કરે છે. જો આ ત્રણેયની પાછળના કલાકો ગણવામાં આવે તો દિવસનો મોટાભાગનો સમય આ ત્રણેય પરિબળો લઈ લે છે. જેને કારણે આજની યુવાપેઢીની વિચારશક્તિ, સમજણશક્તિ સાવ ક્ષીણ થતી જાય છે. જે દિવસના કલાકો, મહિનાઓ કે યુવાનીના બે ચાર વર્ષો કારકિર્દી બનાવવામાં લગાવવાના હોય છે એ કલાકો, દિવસો, મહિનાઓ કે બે ચાર વર્ષો આજનો યુવાન મોબાઈલ ફોન, ફેશન અને ફ્રેન્ડ્સ પાછળ ખર્ચી નાખીને જાતે જ પોતાની જિંદગી બરબાદ કરે છે. આજનો હાઈટેક યુગ છે. ચારેતરફ ખતરનાક સ્પર્ધા છે. અહીં બીજા નંબરની પણ કોઈ કિંમત નથી. સંસારના કોઈપણ ક્ષેત્રમાં જો ટૉપ ઉપર આવશો તો જ કંઈક કરી શકાશે. યુવાનીના આ ચાર પાંચ વર્ષ જો કારકિર્દી બનાવવામાં વાપર્યા તો બાકીના ૫૦/૬૦ વર્ષ કે પુરી જિંદગી સુખ, સમૃદ્ધિમાં પસાર થશે અને જો આ યુવાનીના ચાર પાંચ વર્ષ જલસા કર્યા તો પાછળના વર્ષો આખી જિંદગી સમસ્યાઓમાં, સંઘર્ષમાં પસાર કરવી પડશે. એ એક પરમ સત્ય છે... અસ્તુ.

9426060601.india@gmail.com

ઓ ટુરિસ્ટ, યહા મત આના પ્લીઝ..!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

નેધરલેંડ દુનિયાના સૌથી આકર્ષક દેશોમાંનો એક છે, ત્યાના એમસ્ટડેમની સુંદરતા, નાના નાના ઘરો અને નહેરો જોવા દર વર્ષે કરોડો પ્રવાસીઓ આવે છે,પણ હમણાં ત્યાની સરકારે એક એવી જાહેરાત કરવાની નક્કી કર્યું કે દુનિયાની નજર એ તરફ ખેંચાઈ. નેધરલેંડની સરકારે નેધરલેંડને પર્યટક દેશ તરીકે પ્રમોટ કરતી જાહેરાતો બંધ કરવાનો નિર્ણય કર્યો. જેના પર દેશનું મહતમ અર્થતંત્ર નભે છે એ ટુરીઝમનો જ પ્રચાર નહિ ? કારણ ? કારણ સાફ હતું કે પ્રવાસીઓને લીધે દેશની સુંદરતા અને શાંતિ જોખમાઈ રહી છે. ત્યાના રહેવાસીઓ પ્રવાસીઓના આક્રમણથી પરેશાન છે અને તેઓ જ આગ્રહ કરી રહ્યા છે કે ફરવા માટે અહી ના આવો, બીજે જાવ..!!! કટ ટુ અપના ઈન્ડિયા....હજુ હમણાં જ થોડા સમય પહેલા સુંદર અને પર્યટકોના માનીતા સિમલામાં સતત સાત દિવસ સુધી પાણીની વિકરાળ તંગી ઉભી થઈ ગયેલી. પાણીના સ્ત્રોત્રના અભાવોની સાથે સાથે એક બીજું અને મહત્વનું કારણ એ પણ હતું કે અસંખ્ય ટુરીસ્ટો સીમલામાં આવવા લાગેલા જેને લીધે હોટલો – રેસ્ટોરનટોમાં પાણીનો વપરાશ વધી ગયો. સીમલાની કેપેસીટીથી વધુ હોટલો અને પ્રવાસીઓની આ સંખ્યાને લીધે આ મુસીબત સર્જાઈ હતી, કેટલીય હોટલો બંધ કરવી પડેલી અને જરૂરિયાતનું પાણી મિનરલ વોટરની બોટલ સ્વરૂપે વાપરવું પડેલું...!!

આવું જ કઈક હમણાં જ ઉતરાખંડમાં પણ બન્યું જો કે અહી પાણીની નહિ પણ ચારધામયાત્રાને લીધે થયેલા ટ્રાફિકજામે વરવું સ્વરૂપ ધારણ કરેલું. હરિદ્વાર હાઈવે અને ચારધામયાત્રા રૂટ પર કલાકોના જામ લાગ્યા એટલું જ નહી પણ ઘણા યાત્રીઓ તો વાહનોમાંથી ઉતરીને પગપાળા ચાલવા લાગ્યા એવા દ્રશ્યો પણ સર્જાયા. ત્યાનો લોકલ ટ્રાફિક તો હતો જ પણ એ ઉપરાંત બહારના અસંખ્ય યાત્રીઓને લીધે પેટ્રોલ-ડીઝલની અછત કે એટીએમમાં પૈસાની કમી જેવા બુનિયાદી પ્રશ્નો પણ ઉભા થયા. પેટ્રોલ લાવતા ટેન્કરોની મર્યાદિત સંખ્યાઓની સામે ઈંધણ પુરાવવા આવતા વાહનોની લાંબી લાઈનો લાગી. ટુરીઝમ ભારત અને વિશ્વની એક આગવી ઈકોનોમી છે એમાં ના નહિ. ભારતના અનેક શહેરો કે સ્થળો અને વિશ્વના અનેક દેશો ટુરીઝમ પર જ નભે છે એમ કહી શકાય પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો આ પ્રદેશો કે સ્થળો માટે મુસીબત બની જાય છે. ટુરીસ્ટોના ભરાવાને લીધે દેશના અનેક ટુરિસ્ટ સ્થળો પર્યાવરણની દ્રષ્ટીએ નુકશાન વેઠે છે એટલું જ નહિ પણ આને લીધે સ્થાનિકોને મુસીબતોનો સામનો કરવો પડે છે.

પ્રવાસ કે ટુર કશુક જાણવા-જોવા માટે હોય છે પણ આપણે અને વિશ્વના અનેકો પ્રવાસીઓ ટુરના નામે નુકશાન અને બેદરકારી વધુ દાખવતા હોય છે.જે સ્થળે ફરવા ગયા હોઈએ ત્યાની પોતાની મહતા – સુંદરતા કે કુદરતી ચાર્મને જાણ્યે-અજાણ્યે નુકશાન પહોચાડીએ છીએ. ભારતના અનેક નેશનલ પાર્ક વાહનોના ધુમાડાથી પ્રદુષિત થતા રહે છે. સાસણમાં મનાઈ હોવા છતાં ઈલીગલ સિહદર્શન ચાલુ જ હોય છે તો રણથંભોર નેશનલ પાર્કમાં તો વાહનોની સંખ્યા લીમીટેડ કરવા નિયમ બનાવવો પડ્યો છે એટલું જ નહિ પણ પાર્કને પ્રદુષિત થતો અટકાવવા એક સંઘર્ષ સમિતિ પણ બની છે. આગ્રાનો જ દાખલો લ્યો. આડેધડ હોટેલોના બાંધકામ અને ક્યારેક તો રોજના ૫૦૦૦૦ જેટલા પ્રવાસીઓને લીધે તાજના ચમકતા માર્બલને પણ અસર થવા માંડી છે. આવું જ કઈક ગોવા જેવા સુંદર બીચ સાથે પણ થઈ રહ્યું છે. વધુ ને વધુ પ્રવાસીઓ આવવાને લીધે ત્યાં ખેતીની જમીનોમાં હોટલો શરુ થઈ રહી છે એટલું જ નહિ પણ જેમ બધા જ પ્રવાસન સ્થળો પર બને છે તેમ પ્લાસ્ટિક-કાગળ અને બીજા કચરા